સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

વાઈરસી વાવાઝોડામાં અનેક ખોવાઈ ગયા...
અને ઊંચા ઉદ્યોગપતિઓ પણ ધોવાઈ ગયા!
ખોરવાઈ ગઈ વિદેશી વેપાર ને વ્યવહાર -
કોરોનામાં અનેક પોક મૂકીને રોવાઈ ગયા!

હાઈકુ

વાઈરસથી
છીંક-ખોંખારો - પણ
કરાવે ચિંતા...

ડૂબશે વિશ્વ ?
પૃથ્વીના પ્રલયનો -
આપે સંકેત?

ચિંતન

એહિ તન કર ફલ વિષય ન ભાઈ ।

ઉપરોક્ત સાખી ઉત્તરકાંડ - રામચરિતમાનસમાંથી લેવામાં આવેલ છે.

ભોગ ભોગવવા કે આરામ કરવા માટે આ માનવ શરીર મળ્યું નથી. આપણને શરીર આપ્યું ત્યારે એનો એક હેતુ ધ્યેય કારણ હતું. તેના દ્વારા આપણે તપ સાધના કરી આપણો 'ભવ' સુધારીએ. શરીર સાધના માટેનું એક સાધન છે. તેના દ્વારા જ જપ-તપ-સેવા થઈ શકે.

શરીરને નિરોગી અને વ્યસનમુક્ત તથા સ્ફુર્તિમય રાખવું બધાની પોતાની ફરજ છે. આના માટે સમતુલિત આહાર અને નિયમિત પરિશ્રમનું ઘણું મહત્ત્વ છે.

'પરાધીનને ક્યાય સુખ નથી.' જ્યારે માનવી શરીર અને રોગથી પરવશ બની જાય ત્યારે પોતાની ભૂલો અને શરીર પ્રત્યે દાખવેલી બેદરકારીનું ભાન થાય છે પણ એ સમજણ આવે ત્યારે ખૂબ જ મોડું થઈ ગયું છે.

સુવિચાર

- કરીએ સારું કોઈનું, એ જ ધર્મનું કર્મ, બીજું કલ્પિત ધર્મ છે. મનમાં સમજો મર્મ - **મહેન્દ્ર પુનાતર**
- ઢુંઢોંગે અગર તો હી રાસ્તે મિલેંગે, મંઝિલોં કી ફિતરત હૈ...
  વો ખુદ ભી કલ કર નહીં આતી - **સૈયદ સાહેબ**
- માનવીની ફરજ છે કે તે ઉદાર બનતા પહેલા ન્યાયી બને - **જહોન લેંડોર**
- માનવ જીવનના અર્ધા દુ:ખ પરસ્પર દયા,
  પરોપકાર અને સહાનુભૂતિથી નિવારી શકાય - **આર્થર કોનન ડોઈલ**
- જે દયાથી સામાનું સ્વતંત્રતાનું અભિમાન અને ભિક્ષાવૃત્તિની લજ્જા નાશ પામે છે
  તે દયા ખરાબ છે - **જનકલ્યાણ**
- પ્રયત્ન દેવતા છે અને ભાગ્ય દૈત્ય છે તેથી પ્રયત્નના દેવની ઉપાસના કરવી એ જ શ્રેયસ્કર છે - **સમર્થ રામદાસ**
- આજનું ઔષધ : દહીને ધોળીને મઠ્ઠા જેવું કરી. તેમાં અજમો નાખી ચપટી સંચળ નાખીને જમ્યા પછી એક ચમચો લેવાથી પેટમાં વાયુની સમસ્યાથી રાહત મળે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સીત્તેર વર્ષ પહેલાની વાત. સારો ચિત્રકાર હતો. તેના પરિવારે તેને ચિત્રકામની કળા શીખવવા માટે દિલ્હી મોકલી દીધો. દિલ્હીમાં કૉલેજમાં ચિત્રનો વિષય લઈ ખૂબ સારા પોર્ટ્રેઈટ બનાવવા શીખવા લાગ્યો. એકવાર એનું બનાવેલું પોર્ટ્રેટ લંડનની આર્ટ ગેલેરીમાં પહોંચ્યું. ત્યાં એક વીસ વર્ષની આર્ટ સ્ટુડન્ટ છોકરી જેનું નામ શાર્લેટ હતું તે આ ચિત્ર પર મોહિત થઈ ગઈ. તેણે પ્રધ્યુમનને મળવા દિલ્હી આવી. દિલ્હી આવીને તેણે પ્રદ્યુમન પાસે એક પોતાનું એક પોર્ટ્રેટ બનાવવા વિનંતિ કરી. શાર્લેટ એટલી માસુલ અને સુંદર હતી કે પ્રદ્યુમન એના પ્રેમમાં પડી ગયો. ખૂબ મહેનત કરી ચીવટથી તેણે શાર્લેટનું પોટ્રેટ બનાવ્યું. શાર્લેટ પણ પ્રદ્યુમનના પ્રેમમાં પડી. શાર્લેટે પોતાનું નામ બદલી ચારુલત્તા કરી લગ્ન કર્યા. થોડા દિવસો બાદ ચારુલત્તા પોતાના વતન સ્વીડન પાછી ગઈ. જતી વખતે તેણે પ્રદ્યુમનને કહ્યું, 'આપ અહીં ભણી લો પછી મારા પાસે સ્વીડન આપવાનું છે.' પ્રદ્યુમને વચન આપ્યું. ત્યાં પહોંચી ચારુલત્તાએ કાગળ પત્રો લખ્યા. પ્રદ્યુમનને પણ તેના જવાબ આપ્યા. થોડા વખત પછી ચારુલત્તાએ તેને એર ટિકિટ મોકલી ત્યારે પ્રદ્યુમને લખ્યું 'હું તારી પાસે આવીશ પણ મારા ખર્ચે આવીશ.' પૈસાનો બંદોલસ્ત થતો ન હોવાથી પ્રદ્યુમને પોતાના બધા પેઈટીંગ, બ્રશ વગેરે વેચી જે પૈસા મળ્યા તેની એક સાઈકલ ખરીદી... સાઈકલ પર તેણે આઠ દેશોની સહહદો ઓળંગી પાંચ મહિનાની સતત મહેનત કરીને તે સ્વીડન પહોંચ્યો. સ્વીડનની બોર્ડર પર ઓફિસરોને પણ આશ્ચર્ય થયું કે એક માણસે દિલ્હીથી સાઈકલ પર અહીં સુધી પોતાની પત્નીને મળવા આવ્યો છે? આ એ જમાનાની વાત છે જયારે પાસપોર્ટ વિઝા વગેરેના એવા કડક નિયમો ન હતા. અખબારોમાં આ વાત છપાઈ. ચારુલત્તાને આ ખબર પડી તેણે પતિના સાહસને હર્ષભેર વધાવ્યું.

ભાષામાં વિવાદ નહિ... સંવાદ

તંત્રીસ્થાનેથી...

ભાષામાં કેવું બળ છે તેના બે દાખલા એક જ દિવસે ભારતનાં બે મહત્ત્વનાં રાજયોમાં જોવા મળ્યા. મમતા બેનરજી હવે કેન્દ્ર સામે નાગરિકતા કાનૂન મુદ્દે આરપારની લડાઈ લડી લેવા સંકલ્પબદ્ધ છે. એમણે જાહેર સભાઓમાં બાંગ્લાદેશી શરણાર્થી તરીકે પશ્ચિમ બંગાળમાં આવીને વસી ગયેલા લોકોને વચન આપ્યું છે કે તેઓ કોઈ પણ વ્યક્તિને પાછા નહીં કાઢવા દે. કેન્દ્ર આ મુદ્દે મમતા સામે યુદ્ધે ચડ્યું છે. મમતા માટે બાંગ્લાદેશીથી આવેલા મુસ્લિમ હોય કે હિંદુ - બધા જ ભારતીય નાગરીક છે. એ ચૂંટણીઓમાં મતદાનનો અધિકાર ધરાવતા રહ્યા છે; ધારાસભ્ય, સંસદસભ્ય ચૂંટતા રહ્યા છે. એમને પારકા ગણવાનો પ્રશ્ન જ નથી. નાગરિકતા કાનૂન સામે આવો ખુલ્લો પડકાર મમતા બેનરજી માટે ફાયદારુપ નીવડશે કે જોખમરુપ એ તો ચૂંટણીનાં પરિણામો જ કહેશે. આગામી વર્ષે આવતી પશ્ચિમ બંગાળની ચૂંટણી મમતા દીદી માટે અસ્તિત્વ લડાઈ બની રહેશે. યુનાઈટેડથી અલગ થઈ નવા રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત થયેલા બાંગ્લાદેશના માતૃભાષા પ્રેમને બિરદાવવા એના જન્મદિવસને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન તરીકે ઊજવવાનું શરુ કર્યું હતું. મમતા દીદી, માટી અને માનુષની થીયરી પર રાજકારણ ચલાવતાં રહ્યાં છે. બંગાળી ભાષા વિશ્વની સમૃદ્ધ સાહિત્યિક સંપદા ધરાવતી ભારતીય ભાષા છે જેણે રવીન્દ્રનાથ ટાગોર જેવા કવિઓના કવિ અને નઝરૂલ ઈસ્લામ જેવા શ્રેષ્ઠ સર્જક પેદા કર્યા છે. મમતા બેનરજીનું ચાલે તો તેઓ વિભાજિત બંગાળના બેઉ ટુકડાઓને એક તાંતણે બાંધવાનું જ પસંદ કરશે. 'આમાર સોનાર બાંગ્લા' નું ગુરુદેવ ટાગોરનું સપનું સાકાર કરવામાં નડે તો ફક્ત બાંગ્લાદેશની ઈસ્લામિક ઓળખ. ઈંદિરા ગાંધીએ જયારે બાંગ્લા મુક્તિવાહિનીને લશ્કરી મદદ કરી બાંગ્લાદેશનો જન્મ કરાવેલો ત્યારે એમને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે થોડાક જ સમય પછી એ પ્રજા એનું પોત પ્રકાશશે. આજે દેશ આખામાં ફેલાઈ ચૂકેલા બાંગ્લાદેશી ઘૂસણખોરો સરકાર માટે માથાનો દુ:ખાવો બની રહ્યા છે. આસામની ચૂંટણી આ ઘૂસણખોરોને તગેડી મૂકવાના મુદ્દે જ લડાઈ હતી અને ત્યાં મૂળ ભારતીયોના ધ્રુવીકરણને કારણે ભારતીય જનતા પાર્ટી સત્તા પર આવી હતી. બંગાળીની જેમ મરાઠી પણ દેશની ખૂબ મહત્ત્વની ભાષા છે અને મરાઠી પ્રજાજનો વાતવાતમાં ભાષાના મુદ્દે આળા થઈ જાય છે. લોકપ્રિય ટીવી શ્રેણી 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ના એક એપિસોડમાં તારક મહેતાનું પાત્ર ભજવતા કલાકાર અને જેઠાલાલના બાપુજી વચ્ચે સોસાયટીના બોર્ડ પર કઈ ભાષામાં સૂચના લખવી એની ચર્ચા નીકળે છે. જેઠાલાલના બાપુજી કહે છે કે મુંબઈમાં તો હિંદી બધા જ સમજે. એટલે હિંદીમાં લખવાનું રાખો ! - બસ, આટલા મુદ્દા પર 'મનસે' ભડકી ઊઠી. તારક મહેતાને મારક મહેતાનું બિરુદ મળી ગયું. ટીવી શ્રેણીના નિર્માતા અસિત મોદીને માફી માગવી પડી અને કહેવું પડ્યું કે મુંબઈ મહારાષ્ટ્રની રાજધાની છે અને અહીંની ભાષા મરાઠી છે. મરાઠી ભાષીઓની કે બાંગ્લાભાષીઓની ભાષા વિષયક સંકુચિકતાની સરખામણીએ ગુજરાત અને ગુજરાતી પ્રજા કેટલી ઉદાર છે! પરંતુ એથી ગિરાગૂર્જરી હાંસિયે ધકેલાઈ રહી છે તે પણ હકીકત છે. ભાષાવાર પ્રાંત રચના પછી કોઈ એક ભાષાને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવાની વાત આવી ત્યારે બિન હિંદીભાષી રાજયો પૈકી એક માત્ર ગુજરાતે ખરા દિલથી સમર્થન આપી હિંદીને પોતાના રાજયની બીજી રાજભાષા તરીકે સ્વીકારી હતી. હિંદી માત્ર દેશમાં જ નહીં, દુનિયાભરમાં મોટી ભાષા તરીકેની ખ્યાતિ ધરાવતી હોવા છતાં એને રાષ્ટ્રભાષાનું અધિકૃત સ્થાન આજપર્યંત નથી મળી શક્યું!

એક બાજુ ફાગણની ફોરમ, વચમાં ચૈતર જાય છે ચાલ્યો, એ જ જાણે જીવન કથા

લાગણીનો મેળો

રસિક વાળંદ

એક બાજુ ફાગણની ફોરમ,
વચમાં ચૈતર જાય છે ચાલ્યો,
એ જ જાણે જીવન કથા

● ●

ફાગણ-ચૈત્રનો સમય - વસંતનો નિખાર... માનવજીવનમાં યુવાની - વરઘોડે. ચડવાની અદમ્ય ઝંખના !! ઋતુઓ કરવટ બદલે - સવારના પ્રહરમાં ઠંડી ભળે આ શીતળતાથી આહ્લાદકતા છલકાય... પ્રસન્નતા રંગછટાઓમાં ઢોળાય ! હોળી - ધૂળેટીનો પદરવ સંભળાય છે... ફાગણિયો પલાશ શીતળ સમીરની લહેરે લહેરાવા લાગ્યો છે... કુદરત મન મુકીને ખીલે ત્યારે હોળી-ધૂળેટીના ખેલૈયા - 'ઘેરૈયા' - યોવનના જોમ - જુસ્સા થોડા છાના રહે ! ધૂળેટી તો વાસ્તવનું રંગીન બયાન છે... વિવિધ રંગછટાઓ તો નિમિત્ત છે. મિત્રો... રંગો ઢાંકી પણ છે અને નિકાર પણ લાવે... રંગોત્સવનો આ અવસર મસ્તીનો માહોલ ખડે કરે છે!! આવનારી પ્રત્યેક પળોમાં પ્રાણ પૂરે - ઉમંગ ભરી દે એ જ તો કહેવાય ઉત્સવ.... (ઉત્ - ઉપર તરફ, સવ-યજ્ઞ - પોતાની અંદરનું જે સત્વ છે તેને પ્રગટ કરવાનો અવસર)

હોળી તો અગ્નિની સુવર્ણકોર કહેવાય.... અને ધૂળેટી તો રંગભર્યું ભીનું ભીનું સ્પંદન ગણાય! ધૂળેટીની રંગભરી સવાર યુવા હૈયાને બહેલાવી મૂકે. આ તો હળવા થવાની - સહજ બનવાની એક ઋજુ પળ છે. મન ભરીને આ ક્ષણો માણે એ યુવાન કહેવાય !!

હોલીકા સ્વરુપે અવરોધોનું દહન કરશો તો જીવન ઊર્જાનું સત્વ પ્રહલાદ રુપે પ્રગટશે. પછી જ ધૂળેટીનો રંગ ભર્યો ભીનો ભીનો માદક સ્પર્શ અનુભવાય. દોસ્તો, આવા પર્વો આપણને તાજગી બક્ષે છે, નૂતન જીવન સંદેશ પાઠવે છે. પર્વો ગતિ અને પ્રેરણા પૂરી પાડે છે. સ્થગિતતામાં સ્પંદન જગાવી જાય છે... યુવાની એ પણ કર્તુત્વનો ખિનાખાલી મિજાજ છે. આ યુવાની સાહસિક, બુદ્ધિજીવી કાર્યો, મર્દાનગીભરી વાતોની સાથે ઉન્માદભર્યો માહોલ સર્જી ક્યારેક ગૂનો પણ આચરી બેસે... આવા સંજોગોમાં યુવાજન હતપ્રભને ગભરાઈ પણ જાય... આ અવસ્થામાં 'સંગતની રંગત' સહજ થઈ પડે... યુવાની છાકટી બને તો ન કરવાનુંયે કરી બેસે ને જીવતરને બરબાદીની ગર્તામાંય ધકેલી બેસે... તો બીજી તરફ જાગ્રત યુવાન સામે નિષ્ફળતા નાકલીટી તાણે. સ્પર્ધા કે હરિભાઈમાં યુવાની ઊભરી આવે - મિત્રો, સફળતા જ આનંદની છોળો ઉડાડી જાણે... અને એવું જ જીવન જીવવા લાગયક લાગે... મનવાંછિત સફળતા પ્રાપ્તિમાં જ સુખ-આનંદનો પરિતોષ અનુભવાય... આ દ્દષ્ટિએ જીવન સાર્થક્ય એટલે જ વંસતોત્સવ....

યુવાવસ્થાના ધબકારે જ વિજાતીય ખેંચાણ સહજ બને... ડગલનેને પગલે કસોટીઓ ડોકાય.. 'To be Not to be' 'આ કરું કે પેલું...' મનો સંઘર્ષ સર્જાય.... ઉછાંછળાપણું અને નિજાનંદની બેફિકરાઈ આ તબક્કાનું વરવું લક્ષણ છે. સમજદાર, લાગણીશીલ - સંસ્કાર સંપન્ન યુવાનમાં મા-બાપના કામમાં હાથ લંબાવે - સહારો બને - મદદરુપ થાય - તેઓના બોજને હટાવે છે - સ્વયં કામગરો બને...

યુવાની એ તો એક મનોવૃત્તિ છે, શારીરિક વય નહીં, વૃદ્ધાવસ્થાએ પહોંચેલા પણ મનથી તરોતાજા અનેક વડીલો રાજકીય, આર્થિક કે શૈક્ષણિક ક્ષેત્રે દિશાસૂચક બન્યાના અનેક દાખલા મોજુદ છે. તેઓએ 'કાકા' કે 'દાદા'નું સંબોધન અકળાવી મૂકે છે!! માંહ્યલો યુવાન અકળાય - ડંખે... આમ મનોબળ જ જીવનના અનર્થોને નાથી શકે છે. જીવનના વસંતોત્સવને માણવા શ્રદ્ધા, વિશ્વાસથી ભર્યો ભર્યો આધ્યાત્મિક સંગત જરૂરી છે. ધાર્મિક ભાવના - વૃત્તિ જ સન્માર્ગે દોરી શકે છે... જ્ઞાન પચાવવાની તાકાત - નીરક્ષીર વિવેક કેળવ્યો હશે તો જ વિધાયક દ્દષ્ટિકોણ આપી શકે!!!

દોસ્તો, બહારના ઉજાસથી આપણે એટલા અંજાઈ જઈએ છીએ કે જેની શોધમાં નીકળી પડ્યા છે, એ જ દેખાતું નથી. આ વિશ્વ જ લલચામણી અને લપસણી જાદુઈ નગરી જેવું છે. જેની પાસે ખરું જ્ઞાન કે દ્દષ્ટિ નથી - સમજણ નથી એ જ આંધળી દોટ મૂકે છે. પરિણામે જે પ્રાપ્ત કરવા અધિરા ઉતાવળા બની 'ભળતું' જ પામી દુ:ખી દુ:ખી થઈએ છીએ.

'સાગરના તળિયાનો તાગ મેળવ્યા વિના મોતી મળે નહીં.' આ સત્ય સમજી લેવું.... મિત્રો જે જન્મોથી નથી મળ્યું તે ક્ષણમાં કેવી રીતે લાધે? ધીરગંભીર બની ધીરજ કેળવીએ તો મધુરપ મળે... 'Know the self' જાતને ઓળખશો તો જગત સમજાશે.

એક ફકીરે બીજા ફકીરને કહ્યું; 'ખુદ કો ખુદા કહુ કે યા ખુદા કો ખુદા કહું? દોનો કી જાત એક હૈ કિસકો ખુદા કહું ?'

બીજા ફકીરે જવાબ આપ્યો; 'ખુદ કો ખુદા કહો, ખુદ કો ખુદા કહો,

અનુસંધાન પાના નં ૭ પર

સ્ત્રીત્વને પોતાની નબળાઈ ન બનવા દેવું એ દરેક સ્ત્રીની ફરજ છે

અબીલ-ગુલાલ

મમતા રાવલ

સ્ત્રી ગમે તેટલી શૂરવીર હોય કે બુધ્ધિમાન હોય છતાં એનું હૃદય ઋજુતા થી સભર હોય છે

થોડા દિવસો પહેલાં સુપ્રીમ કોર્ટ મહિલાઓની તરફેણમાં ચુકાદો આપ્યો. સેનામાં મહિલાઓને સ્થાયી કમિશન અને કમાન્ડ પોસ્ટીંગ આપવા નો આદેશ આપતો આ ચૂકાદો મહિલા દિને સ્ત્રીઓ માટે ભેટ સમાન છે. ૧૭ વર્ષની લાંબી કાનૂની જંગ પછી, અનેક ઉદાહરણો અને સાબિતીઓ આપ્યા બાદ કાનૂન ની આ જંગમાં મહીલા સેના અધિકારીઓનો વિજય થયો છે. જે મોટી સફળતા છે. પુરુષ સૈનિક, મહિલા અધિકારીના આદેશના પાલન માટે તૈયાર ન હોવા ને કારણે આ જંગ આટલી લાંબી ચાલી એ વાસ્તવિક્તા સહુ ની જાણમાં હશે જ.

સ્ત્રીને દેવી, ઘર-સમાજનું કેન્દ્રબિંદુ, સહનશીલતાની મૂર્તિ કહેનારા સાચા અર્થમાં સ્ત્રીને સન્માની શકે છે ખરા ?!! આ સવાલ વર્ષોથી યથા-તથા સ્થિતીમાં જ છે. સ્ત્રી શક્તિનું પ્રતીક છે એવું કહેવાય છે ખરું પરંતુ અત્યાર સુધી યુધ્ધ અને રાજકારણ બંનેમાં ક્યારેય એને પુરુષ સમોવડી ગણવામાં આવી નથી. બોલ્ડ એન્ડ બ્યુટીફુલ હોવા સાથે આજની સ્ત્રી બૌધ્ધિકતામાં પણ આગળ છે. કોઈ પણ ક્ષેત્રમાં હવે કોઈ એક જાતિની ઈજારાશાહી રહી નથી. સ્ત્રીને હારવું ગમે છે એ એની લાક્ષણિકતા છે. સમર્પણ એનો સ્વભાવ છે. સ્ત્રી કાર્યેષુ મંત્રી, કરણેષુ દાસી, રૂપેચ લક્ષ્મી, ક્ષમ્યા ધરિત્રી, ભોજેષુ માતા અને શયનેષુ રંભા હોય એ પ્રત્યેક પુરુષ ઈચ્છે છે. આ સંદર્ભે સુંદર, રમૂજી વાત વાંચવામાં આવી...પતિ જ્યારે ભોજેષુ સાધુ, કાર્યેષુ ધીરુ અંબાણી, વચનેષુ હરિશચંદ્ર અને શયનેષુ રિતિક રોશન હોય ત્યારે પત્ની માતા, દાસી, મંત્રી અને રંભા બનવાનો પ્રયત્ન કરે તો વાંધો નહી. હળવાશ થી કહેવાયેલી આ વાત આજની સ્ત્રીનો અવાજ છે એની માનસિકતા છે.

સ્ત્રી ગમે તેટલી શૂરવીર હોય કે બુધ્ધિમાન હોય કે સત્તા ધરાવતી હોય છતાં એનું હદય ઋજુતા થી સભર હોય છે. સ્ત્રીને કાબૂમાં કરવા ઈચ્છતા તત્વો માટે આ માર્ગે પ્રવેશ સરળ બને છે. બીજી કોઈ રીતે સ્ત્રી પર વિજય મેળવવો જ્યારે અશક્ય લાગે છે ત્યારે ' લવ બોમ્બિંગ ' નો રસ્તો અપનાવાય છે. કદાચ આ નામકરણ નવું લાગશે...પણ રસ્તો જૂનો છે. નવા પેકીંગમાં આવેલો આ નુસખો દરેક સ્ત્રી એ ખાસ જાણવા-સમજવા અને વિચારવા જેવો છે. લવ જેહાદ જેવી જ આ નકારાત્મક વૃતિનો યુવતીઓ અને સ્ત્રીઓ ખાસ કરીને ૩૫ થી ૪૫ વર્ષ વચ્ચેની સ્ત્રીઓ ટારગેટ બને છે. ગમતા લેખકના વિચારગુચ્છ માંથી સ્પર્શેલા વિચારો એ મને આ નવા શબ્દનો પરિચય કરાવ્યો છે.

કોઈ પુરુષ જ્યારે સ્ત્રીની પ્રશંસા કરે, મહત્વ આપે, ગિફ્ટ આપે, ઢગલોબંધ મેસેજીસ્ કરે ત્યારે ચેતી જજો, આ પ્રેમ નથી. આ છેતરામણો આભાસ સ્ત્રીની લાગણીઓ જીતવા, એના પર કાબૂ મેળવવા ઊભો કરવામાં આવે છે આ લવ બોમ્બિંગ છે. જેમાં લેશમાત્ર શંકા ન ઉપજે એવા અભિનયને કારણે સ્ત્રી એ જાળમાં ફસાઈ જાય છે.

પ્રેમ એ પ્રગતિનું બીજું નામ છે. પ્રેમ સ્વતંત્રતા આપે છે. જે બાંધી રાખે એ પ્રેમ ન હોઈ શકે. સ્ત્રીના મન-શરીર-વિચારો પર માલિકી જતાવી ઈમોશલ બ્લેક મેઈલીંગ, ગુસ્સો, રીસ જેવા વર્તન થી બાંધી રાખી ડિપેન્ડન્ટ બનાવી દે ત્યારે જાગી જજો તમે લવ બોમ્બિંગના સકંજામાં છો.

જે તે વ્યક્તિ સતત સક્રિય રીતે તમને — સ્ત્રીને પામવાના પ્રયત્ન પછી, પામી લીધા બાદ એને રેગ્યુલેટ કરવા લાગે છે. સ્ત્રી સંપૂર્ણ સમર્પિત થયા પછી, પ્રેમના ઊભરા શમી ગયા પછી સામેવાળી વ્યક્તિ તદ્દન ઉજ્જડ-ઉદાસીન થઈ જાય, સ્ત્રીને નાપાસ ઠેરવે તો એ લવ બોમ્બિંગ છે.

આ સમગ્ર વાતનો સાર એ છે કે એ વ્યક્તિને તમારી જરૂર નથી. તમારા એટેન્શનથી થનારી ' આહલાદ્ક અનુભૂતિ ' ની જરૂર છે. જે પુરુષ અહમ્ નો ખોરાક છે. આ માંદગી થી ગ્રસ્ત માનવી કંઈ પણ કરી છૂટવા તૈયાર હોય છે. આવા એટેક નો ભોગ બનેલી સ્ત્રીઓનું માનસિક-શારીરિક સ્વાસ્થ્ય જોખમમાં મૂકાય છે. સ્ત્રીત્વ સામે બહાદુરી હારી જાય છે. લાગણીશીલતા સામે બૌધ્ધિકતા ઓગળી જાય છે. સ્ત્રીની સ્ટ્રેન્થ ગણાતી આ બાબતો જ એનો જ ભોગ લેતી આવી છે.

દરેક પ્રચાર માધ્યમોમાં મહિલા દિન નિમિત્તે મહિલાઓ અંગે ઘણા ગુણગાન ગવાશે. સ્ત્રીના ગુણ-સૌંદર્ય-વાત્સલ્ય ને નવાજાશે. પરંતુ આજકાલ ઘટી રહેલી ઘટનાઓના ઉપલક્ષમાં આજના દિવસે મનોમંથન વધુ જરૂરી લાગે છે. સ્ત્રી પોતે આવા માનસિક કે શારીરિક હુમલા સામે સજ્જ થઈ શકે તો એને માટે દુનિયામાં કશું જ અશક્ય નથી. લાગણી-સંવેદનશીલતા સ્ત્રીની શક્તિ છે. સ્ત્રીત્વને પોતાની નબળાઈ ન બનવા દેવું એ દરેક સ્ત્રીની ફરજ છે. એજ સાચું સશક્તિકરણ કહેવાશે. એને માટે સરકાર, કાયદો કે સમાજ વ્હારે નહીં આવે. અહીં જાતે જ, જાત ના રક્ષક બનવાનું છે પોતે જ પોતાની મદદ કરવાની છે.

તમામ સખીઓ ને Women's day ની શુભેચ્છા.

વિભાજનની વ્યથા વ્યક્ત કરતું શરીફાબેન વીજળીવાળાનું પુસ્તક

મનના ઉમંગો

રણછોડ પરમાર

સિરિલ રેડક્લિફ નામનો અંગ્રેજ ભારતની ભૂગોળને જાણતો ન હતો. ભારતની સંસ્કૃતિને બિલકુલ જાણતો ન હતો. ટેબલ પર બેસીને અખંડ ભારતના નકશા પર એક લીટી દોરીને ભાગલા પડવાથી. આ દેશના લોકોના જીવનમાં કેવો ઉલ્કાપાત આવશે એનો સહેજ પણ અંદેશો ન હતો. છતાં એણે રાજનીતિ કરનારાઓના આદેશ માની વિભાજનરેખા દોરી. અને એક દેશના, એક સમાજના, એક ગામના અને કેટલીક જગ્યાએ તો એક ઘરના બે ભાગલા પડી ગયા. એ રેખાએ જગતની સૌથી મોટી માનવસર્જિત ટ્રેજેડી સર્જી દીધી. રાતોરાત હિંદુસ્તાનીઓ પાકિસ્તાની બની ગયા. હિંદુસ્તાનીઓને હિંદુસ્તાનમાં જવા માટે જીવસટોસટના ખેલ ખેલવા પડ્યા. પાકિસ્તાન કઈ બાજુ આવ્યું એની જેમને કશી ખબર નહોતી એમને પાકિસ્તાનની વાટ પકડવી પડી. લગભગ પાંચેક લાખ લોકે જીવ ગુમાવ્યા, એકાદ લાખ જેટલી સ્ત્રીઓ પર અમાનુષી અત્યાચારો થયા અને એક કરોડ જેટલી વસતીએ દેશ બદલવો પડ્યો. આઝાદીની બહુ મોટી કિંમત ચૂકવવી પડી. જે લોકો ખભેખભા મિલાવીને અંગ્રેજોને ભારતમાંથી કાઢવા માટે લડતા હતા એ આઝાદી મળતાંની સાથે જ એકબીજાના જાની દૂશ્મન બની ગયા. આવા લોહિયાળ વિભાજને સાહિત્યકારોના હૈયાને પણ હચમચાવી મૂક્યાં. એમાંથી સરજાઈ અનેક કવિતાઓ, વાર્તાઓ અને નવલકથાઓ. આવા સાહિત્યનો અભ્યાસ કરીને આપણા ગુજરાતી સાહિત્યકાર શરીફાબેન વીજળીવાળાએ ત્રણ પુસ્તકો લખ્યાં છે. ૧. વિભાજનની વ્યથા, ૨. વિભાજનની વાર્તાઓ અને ૩. વ્યથાની કથા. વિભાજનની વ્યથામાં નવલકથાઓ, નાટકો અને ફિલ્મો અને સામાજિક ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિભાજનની વાર્તાઓમાં ટૂંકી વાર્તાઓ છે. જ્યારે વ્યથાની કથામાં વિભાજનનો ભોગ બનેલા લોકોની મુલાકાતોનો સમાવેશ થયો છે. વધુમાં શરીફાબેને મંટોની વાર્તાઓ, ઈંતીજાર હૂસેનની વાર્તાઓ.અને વિભાજનની ગુજરાતી વાર્તાઓ જેવા પુસ્તકો પણ લખ્યાં છે. અહીં આપણે "વિભાજનની વ્યથા" પુસ્તકની થોડીક વાત કરીશું.

ભારત-પાકીસ્તાનના ભાગલા પડ્યે સિત્તેર વરસ વીતી ગયા પણ હજીયે સર્જકોના હૈયાને વિભાજનની વેદના પીડે છે. અંગ્રેજો ભારત છોડતાં પહેલાં હિંદુ- મુસલમાનોના મગજ પર ભારે કારમો ઘા કરતા ગયા છે. એ ઘા ક્યારે રુઝાશે એની કોઈને ખબર પડતી નથી. આ વિષયને લક્ષમાં રાખીને અપાર સાહિત્ય લખાયું છે. આવી દસ નવલકથાઓ, એક નાટક, બે ફિલ્મો, બે અનુભવકથાઓ અને એક સમાજશાસ્ત્રીય દસ્તાવેજ બાબતે શરીફાબેને વિવિધ સામયિકોમાં જે લેખો લખ્યા હતા તેનું અહીં સંપાદન કરવામાં આવ્યું છે. છેલ્લે આ પુસ્તક વિશેના કેટલાક સાહિત્યકારોના અભિપ્રાયો આપવામાં આવ્યા છે. શ્રી શિરીશ પંચાલે " ઊંઘ હરામ કરી નાખતો ગ્રંથ " કહ્યું છે તે શતપ્રતિશત સાચું છે. આ એકી બેઠકે વાંચી શકાય એવું પુસ્તક નથી. દરેક પુસ્તકોના લેખો વાંચીને સ્તબ્ધ થઈ જવાય છે. આગળ વાંચી શકાતું નથી. મારે ફેબ્રુઆરીના અંત પહેલાં આ પુસ્તક પૂર્ણ કરીને, તેમાં જ ઉલ્લેખ કરેલી બે નવલકથા, ભીષ્મ સાહનીની "તમસ" અને કર્તુલૈન હૈદરની" આગકા દરિયા" વાંચવી હતી. લાગે છે. પણ અત્યાર સુધીમાં આ પુસ્તક જ માંડ વાંચી શકાયું છે. તેમાંય કર્તુલૈન હૈદરની" આગકા દરિયા" વાળું પ્રકરણ વાંચવાનું બાકી છે. તે મૂળ પુસ્તક વાંચ્યા પછી જ વાંચવાનો વિચાર છે.

આ પુસ્તકમાં નીચે જણાવેલી દસ નવલકથાઓનો આસ્વાદ આપવામાં આવ્યો છે.

આગકા દરિયા	કર્તુલૈન હૈદર
ઉદાસ નસ્લે	અબ્દુલ્લા હુસૈન
કિતને પકિસ્તાન	કમલેશ્વર
આધા ગાંવ	રાહી માસુમ રઝા
તમસ	ભીષ્મ સહાની
ટ્રેન ટૂ પાકિસ્તાન	ખુશવંત સિંહ
આઈસ કેંડી મેન	બેપ્સી સિધ્વા
બસ્તી	ઈંતિઝાર હુસૈન
સૂખા બરગદ	મંજુર એહતેશામ
પિંજર	અમૃતા પ્રીતમ

ઉપરોક્ત દસ નવલકથાઓ ઉપરાંત અસગર વજાહતના નાટક" જેણે લાહોર જોયું જ નથી તે જનમ્યો જ નથી " નો આસ્વાદ આપેલ છે. બે ફિલ્મો (૧) ખામોશ પાની અને (૨) ગર્મ હવાના પણ આસ્વાદ કરવામાં આવ્યા છે. કમળાબેન પટેલની " મૂળસોતાં ઉખડેલાં અને બેગમ અનીશ કિડવાઈની "આઝાદીકી છાંવમેં "નો પણ બહુ સરસ પરિચય આપવામાં આવ્યો છે. છેલ્લે અચ્યુત પટવર્ધન અને અશોક મહેતાના સમાજ શાસ્ત્રીય દસ્તાવેજ " હિંદનો કોમી ત્રિકોણ" નો પરિચય આપ્યો છે. " હિંદનો કોમી ત્રિકોણ" પુસ્તક આઝાદી પહેલાં લખાયેલું છે. જ્યારે બાકીના બધાં પુસ્તકો આઝાદી પછી એટલે કે ભારત-પાકિસ્તાનના વિભાજન પછી લખાયેલાં છે. ઉદાસ નસ્લેના લેખક પાકિસ્તાનના છે અને તેમને પાકિસ્તાનનો સર્વોચ્ચ પુરસ્કાર મળ્યો છે.બસ્તીના લેખક ઈંતિઝાર હુસૈન પણ પાકિસ્તાનના વતની છે અને ઉર્દુના ટોચના સાહિત્યકારોમાં તેમની ગણના થાય છે. બેપ્સી સિધ્વા ની નવલકથા "આઈસ કેંડી મેન " પરથી દીપા મહેતાએ અર્થ નામનું ચલચિત્ર બનાવ્યું હતું જે ઘણું ચર્ચાસ્પદ થયેલું. પિંજર નવલકથા ઉપરથી ડૉ. ચંદ્રપ્રકાશ દ્વિવેદીએ હિંદી ફિલ્મ બનાવેલી તે પણ ઘણી લોકપ્રિય થયેલી. જેમાં ઉર્મિલા માંતોડકર અને મનોજ બાજપાઈએ અદભુત અભિનય કર્યો છે. આમ તો આ પંદરેપંદર પુસ્તકો વાંચવા પડે છે તેવાં છે. પણ એ ના વંચાય તો આ એક પુસ્તક તો વાંચવું જ જોઈએ. આ પુસ્તકને ભારતીય સાહિત્ય અકાદમીનું સન્માન પ્રાપ્ત થયું છે.